એકમ 12

# આંતરરાષ્ટ્રીય વેપારના સિદ્ધાંતો

-: રૂપરેખા :-

12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો તફાવત

12.3 નિરપેક્ષ લાભનો સિદ્ધાંત

12.4 તુલનાત્મક લાભનો સિદ્ધાંત

12.4.1 આંતરરાષ્ટ્રીય વેપાર પછીની સ્થિતિ

12.4.2 બંને દેશો વચ્ચે વિનિમય દરનું નિર્ધારણ

12.5 સારાંશ

12.6 ચાવીરૂપ શબ્દો

12.7 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી સંદર્ભ વાચન

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 12.0 ઉદ્દેશો :

- ➢ વિદ્યાર્થીમિત્રોને આંતરિક વ્યાપારનો અર્થ, આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અર્થ સમજાવવો.
- ➢ અભ્યાસ કરતા વિદ્યાર્થીમિત્રોને નિરપેક્ષ લાભનો ખ્યાલ, અર્થ તથા તેની વ્યાખ્યા વિગતે સમજાવવી.
- ➢ વિશ્વના બે દેશો વચ્ચે કેવી રીતે આંતરરાષ્ટ્રીય વ્યાપાર થાય છે, તેનાં કારણો અને અસર કરતાં પરિબળો જણાવવાં.
- ➢ આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંબંધિત દેશો માટે વૈશ્વિક અર્થશાસ્ત્ર તથા અર્થકારણ માટે કેવી રીતે ઉપયોગી બને છે, તેનું મહત્ત્વ જણાવવું.
- ➢ અભ્યાસુ વિદ્યાર્થીમિત્રોને શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કેવી રીતે થાય છે તેમજ તેના આધારે આંતરરાષ્ટ્રીય વ્યાપાર થાય છે, તેનું મહત્ત્વ સમજાવવું.
- ➢ પ્રસ્તુત સિદ્ધાંતનાં વિવિધ કોષ્ટકો, ઉદાહરણો તથા આકૃતિ દ્વારા સિદ્ધાંતને સરળતાથી સમજાવવાનો ઉદ્દેશ.

## 12.1 પ્રસ્તાવના :

વૈશ્વિક અર્થકારણમાં આંતરરાષ્ટ્રીય વ્યાપર એ આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજનનું પરિણામ છે. જે તે દેશનાં ઉત્પાદનનાં સાધનોનો જથ્થો અને સાધનોની ઉત્પાદનશક્તિ યથાવત રહેવા છતાં શ્રમ વિભાજનના પરિણામે થતી સાધનોની વધુ કાર્યક્ષમ ફાળવણીને લીધે વિશ્વમાં કુલ

ઉત્પાદનમાં ઝડપી વધારો થાય છે. આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજનને કારણે ઉત્પાદનમાં થતા વધારાથી જે લાભ પ્રાપ્ત થાય તેને વ્યાપારથી થતો લાભ કહેવામાં આવે છે. જુદા જુદા દેશોમાં ઉત્પાદનનાં જુદાં જુદાં સાધનો અસમાન પ્રમાણમાં વહેંચાયેલાં છે. જેમકે અમેરિકા, રસિયા, ચીન વગેરે દેશો જમીનનો પૂરતો પુરવઠો ધરાવે છે. તેમજ મૂડીનો પણ પૂરતો પુરવઠો ધરાવે છે. બીજી બાજુ ભારત અને ચીન માનવશ્રમની સમૃદ્ધિ ધરાવે છે જેનાથી ઉત્પાદનનાં સાધનોની અસમાન વહેંચણી જુદા જુદા દેશોમાં જુદી જુદી વસ્તુઓના ઉત્પાદનમાં સાપેક્ષ કાર્યક્ષમતા વધતા-ઓછા અંશે હોય છે, તેને પરિણામે આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ અમલમાં આવે છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર પ્રાદેશિક ધોરણે વસ્તુઓના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ શક્ય બનાવે છે. વિવિધ વસ્તુઓના ઉત્પાદન માટે વિવિધ સાધન સંયોજનોની જરૂર પડે છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર વગર કોઈપણ દેશ વિવિધ સંયોજનો કે વસ્તુઓ પ્રાપ્ત કરી શકે નહીં. વિવિધ દેશો અસમાન સાધન વહેંચણી ધરાવતા હોવાથી માનવ કૌશલ્યને પરિણામે સાધનોના કુદરતી, ભૌગોલિક વિસ્તરણમાં તફાવતો ઊભા થાય છે. અલબત્ત, સાધનોની આંતરરાષ્ટ્રીય ગતિશીલતા મર્યાદિત હોય છે. આંતરરાષ્ટ્રીય વ્યાપર સંબંધિત દેશો માટે તથા વૈશ્વિક અર્થકારણ માટે ઉપકારક છે. તેથી આંકડા વિષયક માહિતી વિશ્વના દેશોના આર્થિક ઈતિહાસમાંથી મળી રહે છે. ઔદ્યોગિક ક્રાંતિના ફાયદાઓ વિશ્વને પ્રાપ્ત થયા તેમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારનો ફાળો ઘણો જ મોટો છે. વિશ્વના આર્થિક સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ આંતરરાષ્ટ્રીય વ્યાપારને આભારી છે. સંબધિત દેશોનું ઉત્પાદન અને ઉપભોગ માળખુ વૈવિધ્યપૂર્ણ બન્યુ છે, તેથી વિશ્વની આર્થિક સમૃદ્ધિ વધી છે.

આંતરરાષ્ટ્રીય વ્યાપારથી દેશની સમૃદ્ધિ વધે છે તેથી આંતરરાષ્ટ્રીય વ્યાપાર વધવો જોઈએ. ઘણી વાર કુદરતદત્ત પરિબળો, માનવસર્જિત પરિબળો તથા અન્ય પરિબળોને કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઉદ્ભવે છે. આવાં પરિબળોના તફાવતને લીધે જુદા જુદા દેશોના જુદા જુદા લોકો તેમજ ઉત્પાદનનાં બીજા સાધોની જુદી જુદી વસ્તુઓના ઉત્પાદનમાં સાપેક્ષ કાર્યક્ષમતા જુદી જુદી હોય છે. વ્યાપારવાદીઓ એમ માનતા હતા કે સોનાની આયાત કરવાથી જ લાભ થાય છે. જયારે પ્રો. એડમ સ્મિથે એવું મંતવ્ય રજૂ કર્યું કે માત્ર સોનાથી નહીં પરંતુ વસ્તુ-વસ્તુ વચ્ચેના વ્યાપારથી પણ લાભ થાય છે.

❖ આંતરરાષ્ટ્રીય વેપારનો પ્રશિષ્ટ મત :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ આંતરરાષ્ટ્રીય વ્યાપારના લાભને જે રીતે સમજ્યા હતા. તે અન્વયે આંતરરાષ્ટ્રીય વ્યાપારથી દેશમાં વાસ્તવિક ખર્ચને યથાવત રાખીને સંતોષની ઊંચી સપાટી પ્રાપ્ત કરી શકાય છે. અથવા તો વ્યાપાર પહેલાની સંતોષની સપાટી પ્રાપ્ત કરવા માટે દેશને વાસ્તવિક ખર્ચ ઓછું કરવું પડે છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ વાસ્તવિક ખર્ચને ઉત્પાદન પાછળ ખર્ચાયેલા મજૂર સમયના આધારે માપતા હતા. તેથી આંતરરાષ્ટ્રીય વ્યાપારના લાભને જુદા શબ્દોમાં પણ રજૂ કરી શકાય. જેમ કે દેશમાં થતા ઉત્પાદન પાછળ ખર્ચાતા કુલ મજૂર સમયને યથાવત્ રાખીને દેશ આંતરરાષ્ટ્રીય વ્યાપાર પછી સંતોષની ઊંચી સપાટી મેળવી શકે છે.

❖ આંતરરાષ્ટ્રીય વેપારનો આધુનિક મત :

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાંથી મળતા લાભને આધુનિક અર્થશાસ્ત્રીઓ સમાજ તટસ્થરેખા અને તુષ્ટિગુણ શક્યતા રેખા જેવા ખ્યાલોનો ઉપયોગ કરીને સમજાવે છે. તેમના મતે આંતરરાષ્ટ્રીય વ્યાપાર પછી સમાજ તટસ્થરેખા જમણી બાજુ ઉપર તરફ ગતિ કરે છે એટલે કે દેશ અને વિશ્વની સંતોષની સપાટી ઊંચી જાય છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર શરૂ થવાનું કારણ વ્યાપારથી થતા લાભો છે. જો વ્યાપારથી કોઈ લાભ ન થતો હોય તો આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઉદ્ભવે જ નહીં.

આંતરરાષ્ટ્રીય વ્યાપારથી થતા લાભોને બે રીતે સમજાવી શકાય જેમ કે (1) આંતરરાષ્ટ્રીય વ્યાપારથી થતો નિરપેક્ષ લાભ અને (2) આંતરરાષ્ટ્રીય વ્યાપારથી થતો સાપેક્ષ કે તુલનાત્મક લાભ.

❖ આંતરરાષ્ટ્રીય વેપારથી થતા નિરપેક્ષ લાભો :

➢ કુલ ઉત્પાદનમાં વૃદ્ધિ :

આંતરરાષ્ટ્રીય વ્યાપારથી દેશના અને વિશ્વના કુલ ઉત્પાદનમાં વૃદ્ધિ થાય છે. અગાઉ આંતરરાષ્ટ્રીય વ્યાપારના પ્રશિષ્ટ સિદ્ધાંત અન્વયે આપણે જોયું કે જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારનું અસ્તિત્વ ન હતું ત્યારે સ્વાવલંબનની પરિસ્થિતિમાં બે દેશો વચ્ચે વસ્તુઓનું આદાન-પ્રદાન થતું હતું. આંતરરાષ્ટ્રીય વ્યાપાર અસ્તિત્વમાં આવ્યા પછી તે વધવા પામ્યું છે. ખાસ કરીને શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણને કારણે દરેક દેશના કુલ ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ છે તેમજ માથાદીઠ વસ્તુ કે સેવાના પ્રમાણમાં વધારો થયો છે.

➢ વસ્તુઓ અને સેવાઓ નીચી કિંમતે પ્રાપ્ય બને :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર થવાથી દરેક દેશ જે તે વસ્તુ કે સેવાનું તુલનાત્મક ખર્ચ ઓછું હોય તો તે વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં વધારો કરે છે. જે તે વસ્તુ કે સેવાનો ઉત્પાદન ખર્ચ ઓછો હોવાથી તેની વેચાણ કિંમત નીચી રાખી શકાય છે. જેથી વૈશ્વિકકક્ષાએ ગ્રાહકોને જે તે ચીજવસ્તુ કે સેવા સસ્તા દરે પ્રાપ્ય બને છે.

➢ અપ્રાપ્ય વસ્તુઓ પ્રાપ્ય બને છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપારથી દેશને વસ્તુ કે સેવા પ્રાપ્ય બને છે. એક દેશ બીજા દેશ પાસેથી વસ્તુ કે સેવાની આયાત કરીને વસ્તુ પ્રાપ્ય બનાવે છે. વર્તમાનમાં અલ્પવિકસિત દેશો, વિકાસમાન દેશો કે વિકસિત દેશો પાસેથી અલભ્ય વસ્તુ કે સેવાની આયાત કરીને જરૂરિયાત પૂર્ણ કરે છે. જેનાથી દેશના ગ્રાહકોને સંતોષ આપી શકાય છે.

➢ ઉત્પાદનમાં વધારો થવાથી રોજગારીનું સર્જન :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર થવાથી જે વસ્તુઓના ઉત્પાદનમાં ઓછો તુલનાત્મક ખર્ચ થતો હોય તેનું મોટા પાયા પર ઉત્પાદન કરવું શક્ય બને છે. જેનાથી રોજગારીની નવીનતમ તકોનું સર્જન થાય છે. આ ઉપરાંત શ્રમ, મૂડી અને નિયોજન જેવાં સાધનોની જરૂર પડવાથી રોજગારી વધે છે.

➢ સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જોડાયેલા દેશો જે વસ્તુ ઓછા તુલનાત્મક ખર્ચે ઉત્પન્ન કરી શકાય તેવી વસ્તુઓનું મોટા પાયા પર ઉત્પાદન કરે છે. તેથી ઉત્પાદનનાં સાધનોનો કાર્યક્ષમ અને કરકસરપૂર્વક ઉપયોગ થાય છે. તો બીજી બાજુ સાધનોનો દુર્વ્યય અટકે છે. આંતરરાષ્ટ્રીય વ્યાપારના પરિણામે ઉત્પાદન ક્ષેત્રે હરિફાઈ સર્જાવાથી પણ સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે.

➢ ઈજારાશાહી પરિબળો નાબૂદ થાય છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપારની ગેરહાજરી હોય તેવા સંજોગોમાં દેશમાં ઈજારાશાહી પરિબળો જોવા મળે છે. કેમ કે અનિવાર્ય વસ્તુઓના ઉત્પાદન-વેચાણમાં અલ્પ સંખ્યામાં પેઢીઓ હોય છે, પરંતુ આંતરરાષ્ટ્રીય વ્યાપાર થવાથી જરૂરી વસ્તુઓની આયાતો થતી હોવાથી ઈજારાશાહી પરિબળો ઘટે છે અથવા નાબૂદ થાય છે.

➢ સાધનોના શોષણની શક્યતા ઘટે છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર જો મુક્ત હોય તો વિશ્વમાં આર્થિક ક્ષેત્રે હરિફાઈને પ્રોત્સાહન મળે છે. ઉત્પાદનનાં સાધનોના શોષણની શક્યતા ઘટે છે. જો તેને સીમાંત ઉત્પાદકતા પ્રમાણે વળતર ન મળે તો તેઓ અન્ય વ્યવસાય કે દેશોમાં સ્થળાંતર કરી શકે છે.

➢ ચીજવસ્તુ અને સેવાની ગુણવત્તામાં સુધારો :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર હરિફાઈને પ્રોત્સાહન આપે છે તેથી ઉત્પાદકોને પોતાની ચીજવસ્તુઓ કે સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવાની અનિવાર્યતા ઉદ્‌ભવે છે. જે ગુણવત્તા નીચી હોય તો વિદેશોમા માંગ ઘટે છે કે બંધ થઈ જાય છે તેવી જ પોતાની ઘરગથ્થુ માંગ પણ ઓછી થઈ જાય છે. વસ્તુ કે સેવાની વધેલી કે ઊંચી ગુણવત્તા ગ્રાહકોના કલ્યાણમાં વધારો કરે છે.

➢ દેશની આર્થિક વૃદ્ધિ થાય છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જોડાવવાથી દરેક પેઢી, ઉદ્યોગ કે દેશ તેનું ઉત્પાદન ખર્ચ ઘટાડવાનો પ્રયાસ કરે છે. પરિણામે તેનો નફો વધે છે. તેમજ તેનું પુનઃ મૂડીરોકાણ કરી શકાય છે.

➢ ટેકનોલોજીની પ્રગતિ થાય છે :

આંતરરાષ્ટ્રીય વ્યાપાર એ આંતરરાષ્ટ્રીય સ્તરે હરિફાઈનું સર્જન કરે છે તેથી તેનું જ્ઞાન, વિજ્ઞાન, સંશોધન, ટેકનોલોજી વગેરે ક્ષિતિજો વિસ્તરવા લાગે છે. તેથી ટેકનોલોજીને બળ મળે છે. જેના યોગ્ય ઉપયોગથી ગ્રાહકોને તેનો ફાયદો થાય છે. કોઈ એક દેશમાં નવી વસ્તુઓની શોધ થાય ત્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારના માધ્યમથી અન્ય દેશોમાં પ્રસરે છે. તેમજ આર્થિક વિકાસની પ્રક્રિયા ઝડપી બને છે.

વ્યાપારવાદીઓ એમ માનતા હતા કે માત્ર સોનાની આયાત-નિકાસ કરવાથી બંને દેશોને લાભ થાય છે. પરંતુ નિરપેક્ષ લાભનો સિદ્ધાંત જણાવે છે કે ચીજવસ્તુઓ અને સેવાઓની બાબતમાં પણ આંતરરાષ્ટ્રીય લાભો પ્રાપ્ય બને છે. સામાન્ય રીતે જ્યારે આંતરિક વેપાર કે આંતરરાષ્ટ્રીય વેપાર થાય છે ત્યારે ઘણા પ્રશ્નો ઊભા થાય છે, જેમકે, ક્યો દેશ કઈ વસ્તુની નિકાસ કરશે અને કઈ વસ્તુની આયાત કરશે, આયાત અને નિકાસ ક્યા દેશમાંથી થશે, કોને લાભ થશે ? આ બધા પ્રશ્નોના ઉત્તર પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી પ્રો. એડમ સ્મિથે પોતાના પુસ્તક 'રાષ્ટ્રની સંપત્તિ'માં આપ્યા છે.

## 12.2 આંતરિક વ્યાપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો તફાવત :

સામાન્ય રીતે વિશ્વના બે દેશો વચ્ચે ચીજવસ્તુઓ કે સેવાઓની આયાત-નિકાસ થાય તેને આપણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર કહીએ છીએ, જ્યારે એક જ દેશમાં બે રાજ્યો વચ્ચે જે વ્યાપાર થાય તેને, એક જ રાજ્યના બે જિલ્લાઓ વચ્ચે વ્યાપાર થાય તેને, એક જ જિલ્લાના બે તાલુકાઓ વચ્ચે વ્યાપાર થાય તેને તથા એક જ તાલુકાનાં બે ગામડાંઓ વચ્ચે જે ચીજવસ્તુઓ કે સેવાઓની લેવડ-દેવડ થાય તેને આંતરિક વ્યાપાર કહેવાય છે. ટૂંકમાં, કોઈ પણ દેશની આંતરરાષ્ટ્રીય હદની અંદર જે વ્યાપાર થાય તેને આંતરિક વ્યાપાર કહેવાય છે. મિત્રો અહીં આપ સમજી શકશો કે ભારત જેવા વિકાસમાન દેશમાં આંતરિક વેપારનું કદ એ આંતરરાષ્ટ્રીય વેપારના કદ કરતાં મોટું હોય છે. આંતરિક વ્યાપારમાં વ્યાપાર નિયંત્રણો અને તેના ચૂકવણા તરીકેના ચલણમાં ભિન્નતા જોવા મળતી નથી. જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વ્યાપાર નિયંત્રણો તથા તેના ચૂકવણાના ચલણમાં ભિન્નતા જોવા મળે છે. આ ઉપરાંત તોલમાપના ધોરણો, સાધનો,

નિયમો, તેમાં વપરાતું ધાતુ વગેરેનો જથ્થો એ આંતરરાષ્ટ્રીય વ્યાપાર તથા આંતરિક વ્યાપારને જુદા પાડે છે. સાધનોની ગતિશીલતા, કાચામાલની ઉપલબ્ધતા, માલસામાનની હેરફેર વગેરેમાં ઘણો જ તફાવત જોવા મળે છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ રજુ કરેલા ખર્ચલાભના સિદ્ધાંતોમાં નિરપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત, તુલનાત્મક ખર્ચલાભનો સિદ્ધાંત, પારપરિક માંગનો સિદ્ધાંત, પ્રો. હેકસર-ઓહલીનનો શ્રમપ્રચૂરતા અને મૂડી પ્રચૂરતાનો સિદ્ધાંત, પ્રો.લીયોન્તિફનો વિરોધાભાસ, પ્રો. ડોનાલ્ડ કેસીંગનો સિદ્ધાંત, પ્રો. ગૃબર, પ્રો.મહેતા અને પ્રો. વર્નોનનો સિદ્ધાંત વગેરે જુદા જુદા સિદ્ધાંતો જોવા મળે છે. તેમાંથી ચાલો આપણે નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંતની વિગતવાર ચર્ચા કરીએ.

## 12.3 નિરપેક્ષ લાભના સિદ્ધાંતનો ઈતિહાસ :

18મી સદીમાં યુરોપ અને પશ્ચિમનાં રાષ્ટ્રોમાં ઝડપી વિકાસ કરવાની એક હોડ હતી. તે સમયે વ્યાપારવાદીઓનો વ્યાપાર કરવાનો વિચાર સરળ હતો, જેમકે, કોઈ દેશ બીજા દેશમાં ચીજવસ્તુઓ કે સેવાની નિકાસ કરીને સોનાની આયાત કરતો હતો. આમ થવાથી બંને દેશોને વ્યાપારિક લાભ થવાનો અંદાજ હતો. પરંતુ, સોનાનો જથ્થો મર્યાદિત હોવાથી બજાર મર્યાદિત બની જતું હતું. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રો. એડમ સ્મિથે એવું સમજાવ્યું કે જો બન્ને દેશો ચીજવસ્તુના બદલામાં ચીજવસ્તુની નિકાસ કરે તો પણ બંને દેશોને આંતરરાષ્ટ્રીય વ્યાપારથી લાભ થશે. આ બાબતને સાબિત કરવા માટે પ્રો. એડમ સ્મિથે નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંતની રચના કરી હતી. જેની સમજૂતી મેળવતા પહેલા આપણે આંતરિક વ્યાપાર અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર વચ્ચેનો તફાવત જોઈ લઈએ.

❖ નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંતની રજૂઆત :

"કોઈ એક દેશ એક વસ્તુના ઉત્પાદનમાં અને બીજો દેશ બીજીવસ્તુના ઉત્પાદનમાં નિરપેક્ષ ખર્ચલાભ ધરાવતો હશે તો આંતરરાષ્ટ્રીય વ્યાપારથી લાભ પ્રાપ્ત થશે."

- પ્રો. એડમ સ્મિથ

આધુનિક અર્થશાસ્ત્રના પિતા ગણાતા પ્રો. એડમ સ્મિથે કલ્યાણલક્ષી બાબતોને ધ્યાને રાખીને આંતરરાષ્ટ્રીય વ્યાપારના નિરપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત આપ્યો હતો. આ ઉપરાંત પ્રો. ડેવિડ રિકાર્ડો તથા પ્રો. જે.એસ.મિલ જેવા અર્થશાસ્ત્રીઓએ માનવ જરૂરિયાતોને સંતોષવાના સંદર્ભમાં જરૂરી ગણાતી ચીજવસ્તુઓ કે સેવાઓના કુલ ઉત્પાદન કે પ્રાપ્તિ તરફ મુખ્ય ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આથી જ આંતરરાષ્ટ્રીય વ્યાપારની સમજૂતીમાં પણ કલ્યાણનું પાસું કેન્દ્રસ્થાને રહેલું છે. તેથી આ સિદ્ધાંતને વધારે સમજવા માટે પ્રો.એડમ સ્મિથે નીચેની ધારણાઓ કરેલી છે.

## ❖ નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંતની ધારણાઓ :

➢ બે જ દેશો બે વસ્તુઓનું ઉત્પાદન કરે છે :

સામાન્ય રીતે સિદ્ધાંતની સરળ રજૂઆત કરવા માટે તથા વિશ્લેષણ અટપટું ન બને તે માટે ધારી લેવામાં આવ્યું છે કે બે જ દેશો અસ્તિત્વ ધરાવે છે તથા તેમની વચ્ચે બે જ વસ્તુનું આદાન-પ્રદાન કે આયાત-નિકાસ થાય છે. જેથી વિશ્લેષણનો મોટો ભાગ સરળતાથી સમજવા માટે આ ધારણા કરવામાં આવી છે.

➢ બે જ વસ્તુનું ઉત્પાદન, વેચાણ, વિનિમય અને વપરાશ થાય છે :

આ ધારણા સમજૂતી આપે છે. બે જ દેશો વચ્ચે બે જ વસ્તુનું ઉત્પાદન થાય છે, તેનું વેચાણ તથા

વિનિમય થાય છે તેમજ વપરાશ થાય છે. જેથી આ સિદ્ધાંત સરળતાથી સમજાવી શકાય છે.

➢ ઉત્પાદન ખર્ચની ગણતરી માનવશ્રમના સંદર્ભમાં કરવામાં આવે છે :

નિરપેક્ષ ખર્ચના ખ્યાલને યોગ્ય રીતે સમજાવવા માટે કોઈ સ્થિર એકમમાં બે દેશો કે વસ્તુઓના ખર્ચની ગણતરી કરવામાં આવે છે. જેમકે, એક વસ્તુના એક એકમના ઉત્પાદનમાં એક માનવશ્રમ એ બે એકમના ઉત્પાદનમાં બે માનવશ્રમ થાય તો તુલનાત્મક રીતે ઉત્પાદન ખર્ચ બમણો થશે અને તેની કિંમત પણ બમણી થશે. તેનું તુલનાત્મક મૂલ્ય નક્કી થશે.

➢ ઉત્પાદન ખર્ચની સરખામણી થઈ શકે તેવા એકમની ગણતરી કરવી શક્ય છે :

પ્રસ્તુત સિદ્ધાંતને સમજાવવા માટે બે દેશોમાં બે જુદી જુદી વસ્તુઓનું ઉત્પાદન ખર્ચ ગણતરી કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે ભારત કાપડના ઉત્પાદનમાં અને મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં ઓછો ખર્ચ કરે છે. તેથી ભારત રબ્બરનું ઉત્પાદન બંધ કરીને માત્ર કાપડનું જ ઉત્પાદન કરશે તથા મલેશિયા કાપડનું ઉત્પાદન બંધ કરીને રબ્બરનું ઉત્પાદન કરશે, તેથી ભારત કાપડની નિકાસ અને મલેશિયા રબ્બરની નિકાસ કરશે. પરંતુ, ચલણમાં તફાવત હોવાથી આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં તુલનાત્મક ખર્ચની ગણતરી થશે આથી માનવશ્રમની ગણતરી કરવામાં આવે છે. સમાનગુણી એકમની સરખામણી કરવામાં આવે છે. કારણ કે ઉત્પાદન ખર્ચની ગણતરી માનવશ્રમના સંદર્ભમાં કરવામાં આવે છે.

➢ શ્રમનું દેશમાં સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ અને બે દેશો વચ્ચે સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ છે :

ભારતમાં કાપડના ઉત્પાદનમાં રહેલા શ્રમ અને રબ્બરના ઉત્પાદનમાં રહેલા શ્રમના સંદર્ભમાં રબ્બરમાં રોકાયેલા શ્રમિકોને વધુ વેતન મળશે. તેથી આવા પ્રકારની માંગ વધશે, કારણ કે એક જ દેશમાં માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ છે. પરંતુ, ભારત અને મલેશિયાના શ્રમિકો એકબીજા દેશમાં સ્થળાંતર કરી શકશે નહીં તેથી માંગની મૂલ્યસાપેક્ષતા સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ છે.

➢ બંને દેશમાં બંને વસ્તુઓની ઉત્પાદન પ્રક્રિયામાં સ્થિરશ્રમની પરિસ્થિતિ છે :

ઉત્પાનના એક સ્થિર સાધન પર જેમ જેમ અસ્થિર સાધન વધારતા જઈએ તેમ તેમ પ્રારંભમાં ઉત્પાદન વધતા દરે, ત્યારબાદ સ્થિર દરે અને ત્યારબાદ ઘટતા દરે ઉત્પાદન વધે છે.

➢ વાહનવ્યવહારનો ખર્ચ શૂન્ય છે :

વાસ્તવિક પરિસ્થિતિમાં વાહનવ્યવહારના ખર્ચને પરિણામે ચીજવસ્તુની કિંમતમાં તફાવત જોવા મળે છે. ઉત્પાદનખર્ચમાં રહેલો તફાવત કુદરતી પરિબળોના ઉત્પાદન ખર્ચ સિવાયનો કોઈ ખર્ચ નથી, તેવું ધારી લેવામાં આવ્યું છે.

➢ મુક્ત વ્યાપાર અસ્તિત્વમાં છે :

આ સિદ્ધાંતને સમજાવવા માટે બે દેશો વચ્ચે મુક્ત વ્યાપાર અસ્તિત્વમાં છે, તેવું ધારી લેવામાં આવ્યું છે કારણ કે ઉત્પાદન ખર્ચ લાભ માટે અન્ય કોઈ પરિબળ જવાબદાર નથી. આયાત, જકાત, કરવેરા લાઇસન્સ પ્રથા વગેરે થાય છે. પરંતુ અહીં આવો ખર્ચ થતો નથી, તેવું માનવામાં આવે છે.

➢ અર્થતંત્રમાં વ્યાપારચક્રો ઉદ્‌ભવતાં નથી :

નિરપેક્ષ ખર્ચ સમજવા માટે આ ધારણા સમજવી ખૂબ જ જરૂરી છે. કેમ કે તેજીમાં ઉત્પાદન, રોજગારી અને ભાવસપાટી વધે છે અને તે જ સમયે અન્ય દેશમાં મંદી હોય તો આથી વિરુદ્ધ પરિસ્થિતિ હોય છે. જેથી આવી પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર થતો નથી. તેથી આવી ધારણા કરવામાં આવી છે.

➢ બંને દેશો એક-એક વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક રીતે નીચો ખર્ચ ધરાવે છે :

આ ધારણા સમજાવે છે કે ભારત રબ્બરના ઉત્પાદનમાં કાપડ કરતાં વધારે ખર્ચ કરે છે તેવી જ રીતે મલેશિયા કાપડના ઉત્પાદનમાં રબ્બર કરતાં વધારે ખર્ચ કરે છે. આથી આ બંને દેશો જે વસ્તુમાં ઓછો ખર્ચ આવતો હશે તે જ વસ્તુનું ઉત્પાદન કરીને તેની નિકાસ કરીને બીજી વસ્તુની આયાત કરશે. આમ, આંતરરાષ્ટ્રીય વેપાર અસ્તિત્વમાં આવશે.

➢ અર્થતંત્રમાં પૂર્ણ હરિફાઈની સ્થિતિ છે :

અહીં એવી ધારણા કરવામાં આવી છે કે અર્થતંત્રમાં પૂર્ણ હરિફાઈની સ્થિતિ પ્રવર્તમાન છે એટલે કે ઉત્પાદનનાં સાધનોને તેની સીમાંત ઉત્પાદકતા જેટલું વળતર મળે છે તેથી સરેરાશ ખર્ચ પૂર્ણ મહત્તમ થશે અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર થશે.

➢ પુરવઠો અને કાર્યક્ષમતા અસ્તિત્વમાં છે :

આ સિદ્ધાંતમાં ધારણા કરવામાં આવી છે કે ભારત અને મલેશિયાના શ્રમિકો સરખી કાર્યક્ષમતા ધરાવે છે તેમ છતાં કુદરતી સંસાધનોના તફાવતને કોઈ એક દેશ કોઈ એક વસ્તુના વધારે કાર્યક્ષમતા ધરાવે છે અને પરિણામે વ્યાપાર થાય છે.


❖ સિદ્ધાંતની સમજૂતી (ઉદાહરણ સહિત) :

આ સિદ્ધાંતની રજૂઆત પહેલાની સ્થિતિમાં કેટલાક વ્યાપારવાદીઓ એવી ગૂઢ માન્યતાઓ ધરાવતા હતા કે આપણા દેશમાંથી ચીજવસ્તુની નિકાસ થવી જોઈએ અને સામેના દેશમાંથી સોનાની આયાત થવી જોઈએ. પરંતુ સોનાનો જથ્થો મર્યાદિત હોવાથી આ બાબત ખોટી પૂરવાર થઈ તેથી કેટલીક મર્યાદાને કારણે પ્રો. એડમ સ્મિથે નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંતની રજૂઆત કરી. પ્રો.એડમ સ્મિથે જણાવ્યું કે સોનાની આયાત-નિકાસ કરવાથી જે વ્યાપાર થાય છે તે મર્યાદિત વ્યાપાર થાય છે પરંતુ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર વસ્તુ-વસ્તુ વચ્ચે થઈ શકે છે. આ બાબતને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

ધારો કે વિશ્વમાં બે જ દેશ ભારત કે મલેશિયા બે જ વસ્તુઓ કાપડ કે રબ્બરનું ઉત્પાદન કરે છે. જેમાં ભારત કાપડના ઉત્પાદનમાં વધુ કાર્યક્ષમતા ધરાવે છે જ્યારે મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં વધુ કાર્યક્ષમતા ધરાવે છે. એટલે કે જો ભારતમાં બધા જ શ્રમિકો કાપડના ઉત્પાદનમાં રોકવામાં આવે તો કાપડના 100 એકમ ઉત્પન્ન થાય છે અને રબ્બરના ઉત્પાદનમાં રોકવામાં આવે તો રબ્બરના 50 એકમનું ઉત્પાદન થાય છે.

તેવી જ રીતે મલેશિયા પોતાના બધા જ શ્રમિકો રબ્બરના ઉત્પાદનમાં રોકે તો રબ્બરના 100 એકમોનું ઉત્પાદન કરે છે અને કાપડના 50 એકમનું ઉત્પાદન કરે છે. તેથી કહી શકાય કે ભારતને એક એકમ રબ્બરનું ઉત્પાદન કરવા માટે કાપડના બે એકમો જતા કરવા પડે છે જ્યારે

મલેશિયાને કાપડનું ઉત્પાદન કરવા માટે રબ્બરના બે એકમો જતા કરવા પડે છે. જે નીચેની આકૃતિ દ્વારા વિગતવાર સમજાવી શકાય.




આગળની આકૃતિમાં અભ્યાસ કરતા જણાય છે કે બંને આકૃતિમાં આડી ધરી પર રબ્બરના એકમો અને ઊભી ધરી પર કાપડના એકમો દર્શાવેલા છે. બંને આકૃતિમાં PP રેખા અને SS રેખા ઉત્પાદન શક્યતા રેખા છે. આકૃતિ A ભારતની કાર્યક્ષમતા દર્શાવે છે, જેમાં ભારતનું કુલ ઉત્પાદન 150 એકમ થાય છે, પરંતુ ભારત રબ્બર કરતાં કાપડના ઉત્પાદનમાં વધુ કાર્યક્ષમતા ધરાવે છે એટલે કે બધા શ્રમિકો કાપડના ઉત્પાદનમાં રોકે તો કાપડના 100 એકમો અને રબ્બરના 50 એકમોનું ઉત્પાદન થાય છે.

આકૃતિ B નો અભ્યાસ કરતા જણાય છે કે મલેશિયા પોતાના બધા જ શ્રમિકો રબ્બરના ઉત્પાદનમાં રોકે તો રબ્બરના 100 એકમો અને કાપડના 50 એકમોનું ઉત્પાદન કરે છે. આથી એમ કહી શકાય કે ભારત અને મલેશિયા એક-એક વસ્તુની બાબતમાં કાર્યક્ષમતા ધરાવે છે. જો બંને દેશો વચ્ચે વ્યાપાર થાય તો લાભ થાય છે, જે નીચે પ્રમાણે દર્શાવી શકાય.

❖ આંતરરાષ્ટ્રીય વ્યાપાર પહેલા બંને દેશોમાં ઉત્પાદન અને વ્યાપારની પરિસ્થિતિ :

| દેશ | કાપડ | રબ્બર | કુલ |
|---|---|---|---|
| ભારત | 50 | 25 | 75 |
| મલેશિયા | 25 | 50 | 75 |
| કુલ | 75 | 75 | 150 |

ઉપરોક્ત કોષ્ટકમાં ભારત અને મલેશિયાની આંતરરાષ્ટ્રીય વ્યાપાર પહેલાની સ્થિતિ દર્શાવેલ છે જેમાં બંને દેશો બંને વસ્તુઓનું ઉત્પાદન કરે છે, જે 75 એકમ થાય છે. બંને દેશો કોઈ એક વસ્તુના ઉત્પાદનમાં કાર્યક્ષમતા ધરાવતા હોવા છતાં પણ પોતાના બધા જ શ્રમિકો બંને વસ્તુના ઉત્પાદનમાં રોકે છે. અહીં કોષ્ટકમાં જોઈ શકાય છે કે ભારત અને મલેશિયાનું બંને વસ્તુનું ઉત્પાદન 75 એકમનું બંને દેશો પોતાની કાર્યક્ષમતામાં શ્રમિકોનું રોકાણ કરે તો ભારત કાપડના 100 એકમો તથા મલેશિયા રબ્બરના 100 એકમોનું ઉત્પાદન કરીને 25 એકમ વધારે મેળવી શકે છે. આ પરિસ્થિતિ પછી બંને દેશો એકબીજાને કહે છે કે જો ભારત કાપડના ઉત્પાદનમાં અને મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કરે તો ઉત્પાદનમાં પ્રત્યેક દેશને 25 એકમનો ફાયદો થશે, જે આ પ્રમાણે દર્શાવી શકાય.

❖ આંતરરાષ્ટ્રીય વ્યાપાર પછી બંને દેશોમાં ઉત્પાદન અને વ્યાપારની સ્થિતિ :

ભારત અને મલેશિયા બંને દેશો અનુક્રમે કાપડ અને રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન

અને વિશિષ્ટકરણ કરે છે. એટલે કે ભારત પોતાના બધા જ સાધનો કાપડના ઉત્પાદન પાછળ રોકે છે જ્યારે મલેશિયા પોતાના બધા જ સાધનો રબ્બરના ઉત્પાદનમાં રોકે છે તેથી ભારત કાપડના ઉત્પાદનમાં વધારો કરીને કાપડની નિકાસ મલેશિયામાં કરશે. તેમજ મલેશિયા રબ્બરનું ઉત્પાદન કરીને તે રબ્બરની નિકાસ ભારતમાં કરશે જે નીચેના કોષ્ટકમાં આ પ્રમાણે દર્શાવી શકાય.

❖ વિશિષ્ટીકરણ પછી ઉત્પાદન અને વ્યાપારની સ્થિતિ :

| દેશ | કાપડ | રબ્બર | કુલ |
|---|---|---|---|
| ભારત | 100 | શૂન્ય | 100 |
| મલેશિયા | શૂન્ય | 100 | 100 |
| કુલ | 100 | 100 | 200 |

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે બંને દેશોમાં વિશિષ્ટીકરણની પછીની સ્થિતિ જોતા ઓછા ખર્ચે જે તે વસ્તુનું વધુ ઉત્પાદન કરી શકે છે. જેમાં ભારત કાપડના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કરીને કાપડના 100 એકમોનું અને મલેશિયા રબ્બરના 100 એકમોનું ઉત્પાદન કરે છે. તેમજ તેની નિકાસ કરે છે. જેમાં ભારત મલેશિયામાં કાપડની નિકાસ કરીને રબ્બરની આયાત કરશે તેવી જ રીતે મલેશિયા રબ્બરની નિકાસ ભારતમાં કરીને ભારત પાસેથી કાપડની આયાત કરશે. આમ, આ બંને દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય વ્યાપારનો પાયો નંખાશે. જેનાથી બંને દેશોને 25-25 એકમોનો ફાયદો થશે તેમજ વિશ્વના કુલ ઉત્પાદનમાં 50 એકમોનો વધારો થશે.

હવે પછીની પરિસ્થિતિમાં ભારત અને મલેશિયા વ્યાપારથી જોડાવવાનું નક્કી કરે છે તેમજ બંને દેશો આંતરરાષ્ટીય વ્યાપાર અંગેની કિંમતનીતિ નક્કી કરે છે. તે માટે બંને દેશોના નિકાસકારો તથા આયાતકારો એક એકમ કાપડ = એક એકમ રબ્બરની કિંમત નક્કી કરીને વ્યાપારની શરૂઆત કરશે. જેના ત્રણ પ્રકારની પરિસ્થિતિને સમજી શકાય, જે આ પ્રમાણે છે.

(1) જો એક એકમ કાપડ બરાબર એક એકમ રબ્બર નક્કી થાય તો બંને દેશોને લાભ થશે.

(2) જો એક એકમ કાપડ બરાબર બે એકમ રબ્બર નક્કી થશે તો ભારતને લાભ થશે.

(3) જો એક એકમ રબ્બર બરાબર બે એકમ કાપડ નક્કી થશે તો મલેશિયાને લાભ થશે.

❖ વપરાશ વિનિમયની સ્થિતિ (1 કાપડ = 1 રબ્બર) :

| દેશ | કાપડ | રબ્બર | કુલ ઉત્પાદન |
|---|---|---|---|
| ભારત | 60 | 40 | 100 |
| મલેશિયા | 40 | 60 | 100 |
| કુલ | 100 | 100 | 200 |

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે બંને દેશો 100-100 એકમનું ઉત્પાદન કરીને તેના 40 એકમોની નિકાસ કરી અન્ય વસ્તુના 40 એકમોની આયાત કરે છે. જ્યારે 60

એકમ સ્વવપરાશ માટે રાખશે. આ રીતે એક એકમ કાપડ બરાબર એક એકમ રબ્બરનો વિનિમય દર નક્કી થશે. આમ થવાથી કુલ ઉત્પાદન 200 એકમનું થશે તેમજ આંતરરાષ્ટ્રીય લાભની સમાન વહેંચણી થશે.

❖ વપરાશ વિનિમયની સ્થિતિ (1 કાપડ = 2 રબ્બર) :

➢ હવે પછીની સ્થિતિમાં આપણે વપરાશ વિનિમયની 1 એકમ કાપડ = 2 એકમ રબ્બર જોઈએ :

| દેશ | કાપડ | રબ્બર | કુલ |
|---|---|---|---|
| ભારત | 60 | 80 | 140 |
| મલેશિયા | 40 | 20 | 60 |
| કુલ | 100 | 100 | 200 |

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે ભારત 100 એકમ કાપડના ઉત્પાદનમાંથી 60 એકમ કાપડ સ્વવપરાશ માટે અને 40 એકમ કાપડની નિકાસ કરશે અને તેના બદલામાં 80 એકમ રબ્બરની આયાત કરશે, કારણ કે વ્યાપાર વિનિમયની શરત 1 કાપડ = 2 રબ્બર છે. જ્યારે મલેશિયા પોતાના 100 એકમ રબ્બરના ઉત્પાદનમાંથી 20 એકમ રબ્બર સ્વપરાશ માટે રાખે છે તથા 80 એકમ રબ્બરની નિકાસ ભારતમાં કરીને 40 એકમ કાપડની આયાત કરે છે.

❖ વપરાશ વિનિમયની સ્થિતિ (2 કાપડ = 1 રબ્બર) :

| દેશ | કાપડ | રબ્બર | કુલ |
|---|---|---|---|
| ભારત | 60 | 20 | 80 |
| મલેશિયા | 40 | 80 | 120 |
| કુલ | 100 | 100 | 200 |

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે જો ભારત 100 એકમ ઉત્પાદનમાંથી 60 એકમ કાપડ સ્વવપરાશ માટે રાખશે અને 40 એકમ કાપડની મલેશિયામાં નિકાસ કરશે અને 20 એકમ રબ્બરની આયાત કરશે જ્યારે બીજી બાજુ મલેશિયા 100 એકમ રબ્બરમાંથી 80 એકમ રબ્બર સ્વવપરાશ માટે રાખશે અને 20 એકમ રબ્બરની ભારતમાં નિકાસ કરીને 40 એકમ કાપડના એકમો મેળવશે. કારણ કે અહીં વસ્તુ વિનિમય દર 2 એકમ કાપડ = 1 એકમ રબ્બર છે. જેનો વ્યાપારિક લાભ મલેશિયાને મળશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને ક્યા દેશને કેટલો આર્થિક લાભ થશે તે માટે નીચેનાં તારણો નક્કી થાય છે.

(1) જો પ્રથમ કક્ષાએ વિનિમયનીતિ કે કિંમતનીતિ 1 કાપડ = 2 રબ્બર હોય તો ભારત અને મલેશિયા બંને દેશોને લાભ થશે.

(2) જો દ્વિતિય કક્ષાએ વિનિમયનીતિ કે કિંમતનીતિ 1 કાપડ = 2 રબ્બર હોય તો ભારતને વધારે વ્યાપારિક લાભ થશે.

(3) જો તૃતિય કક્ષાએ વિનિમયનીતિ કે કિંમતનીતિ 1 રબ્બર = 1 કાપડ હોય તો મલેશિયાને વધારે વ્યાપારિક લાભ થશે.

❖ સિદ્ધાંતની મર્યાદાઓ :

પ્રો. એડમ સ્મિથ દ્વારા રજૂ થયેલ સિદ્ધાંતમાં કેટલીક મર્યાદાઓ છે, જે આ પ્રમાણે છે:

➢ કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે આ સિદ્ધાંત ખુબ જ મર્યાદિત છે કારણ કે વિશ્વમાં માત્ર બે જ દેશ હોય કે બે જ વસ્તુઓ હોય તે શક્ય નથી. આ સિદ્ધાંત મર્યાદિત પરિસ્થિતિની સમજૂતી આપે છે તેથી અહીં બે જ દેશો હોય કે બે જ વસ્તુઓ હોય તે ધારણા ખોટી પડે છે. વાસ્તવિક પરિસ્થિતિમાં અનેક દેશો વચ્ચે ઘણી બધી વસ્તુઓનો આંતરરાષ્ટ્રીય વ્યાપાર થાય છે. તેની સમજુતી આ સિદ્ધાંત આપી શકતો નથી, જે એક મર્યાદા છે.

➢ આ સિદ્ધાંતમાં એવું ધારી લેવામાં આવ્યું છે કે એક દેશ એક વસ્તુના ઉત્પાદનમાં અને બીજો દેશ બીજી વસ્તુના ઉત્પાદનમાં કાર્યક્ષમતા ધરાવે છે. પરંતુ, વાસ્તવમાં તેવું હોતું નથી. ક્યારેક એવું પણ હોય કે એક જ દેશ બંને વસ્તુના ઉત્પાદનમાં બીજા દેશ કરતાં વધુ કાર્યક્ષમતા ધરાવતો હોય છે અને ઉત્પાદન હાથ ધરે છે, તે વસ્તુની નિકાસ કરે છે. બીજી બાજુ અન્ય દેશ બંને વસ્તુના ઉત્પાદનમાં ઓછી કાર્યક્ષમતા ધરાવતો હોવા છતાં આંતરરાષ્ટ્રીય વ્યાપારથી જોડાય છે.

➢ આ સિદ્ધાંતમાં એવુ ધારવામાં આવ્યું છે કે ઉત્પાદન મૂલ્યની ગણતરી શ્રમના મૂલ્યમાં કરવામાં આવે છે, પરંતુ તે શક્ય નથી. વિશ્વના દરેક દેશમાં શ્રમનું મૂલ્ય સરખુ હોય તે જરૂરી નથી આથી આ ધારણા મર્યાદા બની જાય છે.

➢ આ સિદ્ધાંતમાં એવું ધારવામાં આવ્યું છે કે દરેક દેશમાં દરેક જગ્યાએ શ્રમ સમાનગુણી હોય છે, પરંતુ, વાસ્તવમાં જુદા જુદા દેશોમાં શ્રમિકો જુદા જુદા હોય છે, તે શ્રમિકોની કાર્યક્ષમતા નક્કી કરે છે. તેથી ઉત્પાદન અને નિકાસમાં ભિન્નતા ઊભી થાય છે. જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ આ સિદ્ધાંતમાં એવું માનવામાં આવ્યું છે કે શ્રમનો પુરવઠો એક જ દેશમાં સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ છે. જ્યારે બંને દેશો વચ્ચે સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ છે. આ ધારણા સાચી નથી. કારણ કે સ્થળાંતર માત્ર વેતનને કારણે થતું નથી ઘણીવાર વ્યવસાયને કારણે પણ થતું હોય છે.

➢ આ સિદ્ધાંતમાં એવું ધારવામાં આવ્યું છે કે ઉત્પાદનની પ્રક્રિયા સ્થિર વળતરની પરિસ્થિતિ ધરાવે છે. કેમ કે જેટલાં સાધનો વધે તેટલું ઉત્પાદન વધે પરંતુ, વાસ્તવમાં આવું થતું નથી અથવા ભાગ્યે જ જોવા મળે છે. વાસ્તવિક પરિસ્થિતિમાં પ્રારંભમાં વધતા મળતરની સ્થિતિ, સ્થિર મળતરની સ્થિતિ અને ઘટતા મળતરની સ્થિતિ હોય છે, જે ધ્યાને લેવાયુ નથી.

➢ આ સિદ્ધાંતમાં ધારણા કરવામાં આવી છે કે બે દેશો વચ્ચેના વ્યાપારમાં વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય છે, પરંતુ વાસ્તવમાં આ ધારણા અવાસ્તવિક છે, આવું હોતુ નથી.

➢ આ સિદ્ધાંતમાં મુક્ત વ્યાપારની ધારણા પણ અવાસ્તવિક છે. વિશ્વનો કોઈપણ દેશ પોતાની નિકાસો તથા આયાતો પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વત્તા-ઓછા અંશે વ્યાપારિક નિયંત્રણો ધરાવે જ છે, જેનો અહીં કોઈ ઉલ્લેખ કરેલ નથી. જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ આ સિદ્ધાંતમાં એવી ધારણા કરવામાં આવી છે કે દેશનું અર્થતંત્ર સ્થિર છે એટલે કે કોઈ વ્યાપારચક્ર ઉદ્ભવતું નથી. પરંતુ, વાસ્તવિક સ્થિતિ આવી હોતી નથી, જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ પ્રસ્તુત સિદ્ધાંતમાં માત્ર શ્રમને ઉત્પાદનનું સાધન ગણવામાં આવ્યું છે, પરંતુ, જમીન, મૂડી અને નિયોજક જેવાં સાધનોનું ઘણું જ મહત્ત્વ છે. આ સાધનોનું સંયોજન ઉત્પાદનને અસર કરતું હોય છે. જેની સરવાળે આયાત-નિકાસ પર અસરો પડતી હોય છે, જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

❖ **સારાંશ :**

મિત્રો, આપણે જાણીએ છીએ કે વર્ષ 1776માં અર્થશાસ્ત્રના પિતા ગણાતા એવા પ્રો.એડમ સ્મિથે ''સંપત્તિનું શાસ્ત્ર'' પુસ્તક લખ્યુ હતું જેમાં વિશ્વના બે દેશો વચ્ચે કેવી રીતે આંતરરાષ્ટ્રીય વેપાર થાય છે તેની પ્રથમ સમજૂતી આપી હતી અને દેશ નિરપેક્ષ લાભ પ્રાપ્ત કરતો હોય તો આંતરરાષ્ટ્રીય વેપાર થાય છે. આપણે જાણીએ છીએ કે આ સિદ્ધાંતમાં ધારણારૂપી મર્યાદાઓ હોવા છતાં આ સિદ્ધાંત ચાવીરૂપ સિદ્ધાંત ગણાય છે. કારણ કે અહીંથી સિદ્ધાંત આપવાની શરૂઆત થઈ છે. અને વિશ્વના બે દેશો વચ્ચે કેવી રીતે વ્યાપાર થાય છે. તેની યોગ્ય સમજૂતી આપી છે જે આ સિદ્ધાંતનું મહત્ત્વ વધારે છે.

## 12.4 તુલનાત્મક ખર્ચ લાભનો સિદ્ધાંત :

વ્યાપારવાદીઓની વિચારસરણી અનુસાર વ્યાપાર અર્થે સોનાની આયાત થવી જોઈએ એટલે કે ચીજવસ્તુના બદલામાં સોનાની આયાત થવી જોઈએ. પરંતુ, સોનાનો જથ્થો મર્યાદિત હોવાથી કેટલાક અંશે મર્યાદાઓ સર્જાય છે. તેથી આ મર્યાદાને દૂર કરવા માટે પ્રો. એડમ સ્મિથે નિરપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત આપ્યો છે જેની આપણે આગળ ચર્ચા પૂર્ણ કરી. પરંતુ, મિત્રો આપણે જાણીએ છીએ કે તેની ધારણાઓ રૂપી મર્યાદાઓ હોવાથી પ્રો. ડેવિડ રિકાર્ડોએ તુલનાત્મક ખર્ચલાભનો સિદ્ધાંત આપ્યો છે. પ્રો. ડેવિડ રિકાર્ડોના મતે નિરપેક્ષ ખર્ચલાભ ન હોય પરંતુ સાપેક્ષ કે તુલનાત્મક ખર્ચલાભથી બે દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય લાભો થાય છે. ઈ.સ. 1817માં પોતાના પુસ્તક 'Principles of Political Economies and Taxation'માં 'Trade Theory' પ્રકરણમાં આ સિદ્ધાંતને વિગતવાર સમજાવ્યો છે. પ્રો. ડેવિડ રિકાર્ડોના મતે બે દેશો વચ્ચે વ્યાપાર ત્યારે જ શક્ય બને કે જ્યારે બે દેશો વચ્ચે ઉત્પાદનમાં તુલનાત્મક ખર્ચ તફાવત સર્જાવે છે. જે દેશને ઉત્પાદનમાં તુલનાત્મક રીતે ઓછો ખર્ચ થતો હશે. તે દેશ તેનું ઉત્પાદન કરીને તેની નિકાસ કરશે અને જે વસ્તુનો તુલનાત્મક રીતે ખર્ચ વધુ હશે તેનું ઘર આંગણે ઉત્પાદન બંધ કરીને તેની આયાત કરીને તુલનાત્મક લાભ લેવાના પ્રયાસો કરશે.

''કોઈ એક દેશ અન્ય દેશોની સરખામણીમાં બન્ને વસ્તુના ઉત્પાદનમાં નીચી કાર્યક્ષમતા ધરાવતો હોય તો તે સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વેપારથી લાભ થશે.''

- પ્રો.ડેવિડ રિકાર્ડો

''ખર્ચની તફાવતની કક્ષા એ આંતરરાષ્ટ્રીય વ્યાપારનું નિર્ણાયક પરિબળ છે, બે દેશોનો બે વસ્તુના ઉત્પાદનમાં જે ખર્ચ થાય તેની તુલનાને તુલનાત્મક ખર્ચ કહેવાય છે.''

- પ્રો.ડેવિડ રિકાર્ડો

❖ સિદ્ધાંતની ધારણાઓ :

➢ વિશ્વમાં બે દેશો અને બે વસ્તુઓ છે :

આ સિદ્ધાંતમાં એવુ ધારવામાં આવ્યુ છે કે માત્ર બે જ દેશો વચ્ચે બે જ વસ્તુઓનો વ્યાપાર થાય છે. જેથી આ સિદ્ધાંતને સરળતાથી સમજાવી શકાય.

- ઉત્પાદનમાં સ્થિર મળતર લાગુ પડે છે :

આ સિદ્ધાંત ત્યારે જ સરળતાથી સમજાવી શકાય જ્યારે બંને વસ્તુઓના ઉત્પાદનમાં સ્થિર મળતર કે સ્થિર ખર્ચનો નિયમ અમલમાં હોય ત્યારે આ સિદ્ધાંત સમજાવી શકાય છે. એટલે કે વિકાસ ને કારણે વધતી પેદાશ કે ઘટતી પેદાશનો નિયમ કામ કરતો નથી.

- બંને દેશો બંને વસ્તુઓનું ઉત્પાદન કરે છે :

આ સિદ્ધાંતમાં એવુ જણાવવામાં આવે છે કે બંને દેશો એકબીજા પર આધારિત નથી એટલે કે વ્યાપાર વગર પણ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે. સ્વાવલંબી દેશો છે.

- એક દેશ બીજા દેશ કરતાં બંને વસ્તુના ઉત્પાદનમાં કાર્યક્ષમતા ધરાવે છે :

બે દેશોમાંથી કોઈ પણ એક દેશ બીજા દેશ કરતા બંને વસ્તુના ઉત્પાદનમાં કાર્યક્ષમતાપૂર્વક આગળ છે અને તે કાર્યક્ષમતાને ઉપયોગ કરીને ઉત્પાદન તથા નિકાસ કરે છે, તેવું ધારી લેવામાં આવે છે.

- ઉત્પાદન ખર્ચની ગણતરી તથા વસ્તુની કિંમત શ્રમ મૂલ્યના આધારે નક્કી થાય છે :

પ્રસ્તુત સિદ્ધાંતમાં વસ્તુની કિંમત તથા ઉત્પાદન ખર્ચની ગણતરી મૂલ્યના આધારે કરવામાં આવે છે તેવી ધારણા કરવામાં આવી છે. એક એકમનું ઉત્પાદન કરવા માટે જેટલા કલાક કામ થતું હોય તો તેટલા સમયનું મૂલ્ય ખર્ચ થાય છે એટલે કે ઉત્પાદન ખર્ચ નાણાંમાં વ્યક્ત થતું નથી, પરંતુ શ્રમના કામના કલાકોમાં વ્યક્ત કરવામાં આવે છે.

- અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ છે :

પ્રસ્તુત સિદ્ધાંતમાં માનવામાં આવે છે કે કોઈ પણ ઉત્પાદન સાધન બેકાર નથી. તેમને એક જગ્યાએથી ખસેડવામાં આવે તો બીજી જગ્યાએ કામ મળી રહે છે. વેતન સરખા હોવાથી અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી પ્રવર્તમાન છે.

- અર્થતંત્રમાં પૂર્ણ હરિફાઈની સ્થિતિ છે :

આ સિદ્ધાંતમાં એવુ ધારવામાં આવ્યું છે કે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રવર્તમાન છે. એટલે કે અપૂર્ણ હરિફાઈની સ્થિતિ જોવા મળતી નથી કે તેની કોઈ લાક્ષણિકતા જોવા મળતી નથી.

- વસ્તુવિનિમય પ્રથા અસ્તિત્વમાં છે :

અર્થતંત્રમાં વસ્તુવિનિમય પ્રથા એટલે કે સાટા પદ્ધતિ જોવા મળે છે, જેમાં નાણાંની અવેજીમાં વસ્તુનો વ્યાપાર થાય છે એટલે કે વસ્તુ-વસ્તુ વચ્ચે વ્યાપાર દ્વારા વિનિમય થાય છે.

- વાહનવ્યવહાર ખર્ચનો અભાવ છે :

પ્રસ્તુત સિદ્ધાંતમાં એવું જણાવવામાં આવે છે કે વિદેશ વ્યાપારમાં વાહનવ્યવહાર ખર્ચને ગણતરીમાં લેવામાં આવતો નથી. એટલે કે વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય છે તેથી તે ઉત્પાદન ખર્ચ કે તેની કિંમતને અસર કરતો નથી.

- શ્રમ એક દેશમાં સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ અને બે દેશો વચ્ચે સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ છે :

આ સિદ્ધાંતમાં એવું માનવામાં આવે છે કે બે દેશો વચ્ચે વ્યાપાર ત્યારે જ થઈ શકે જ્યારે એક દેશનો શ્રમિક બીજા દેશમાં ગતિ કરતો નથી. પરંતુ એક જ દેશની હદમાં ગમે તે સ્થળે જઈ શકે છે, જેથી એક જ દેશમાં ઉત્પાદન ખર્ચ સરખો અને જુદો જુદો દેશોમાં ઉત્પાદન

ખર્ચ જુદુ જુદુ આવે છે.

❖ ઉત્પાદનખર્ચમાં ત્રણ પ્રકારના તફાવત છે :

➢ સંપૂર્ણ કે નિરપેક્ષ ખર્ચ તફાવત :

પ્રો. એડમ સ્મિથ એવું માનતા હતા કે જ્યારે કોઈ એક દેશ દ્વારા એક વસ્તુનું અને બીજા દેશ દ્વારા બીજી વસ્તુનું સંપૂર્ણપણે ઓછા ખર્ચે ઉત્પાદન કરવામાં આવે ત્યારે તેના ઉત્પાદનખર્ચમાં નિરપેક્ષ તફાવત જોવા મળે છે. પરિણામે, બંને દેશો વચ્ચે વ્યાપાર ઉદ્‌ભવે છે. જે ઉદાહરણ દ્વારા આ પ્રમાણે જોઈ શકાય. જે પડતર વિનિમયદર છે.

➢ એક દિવસના શ્રમ વડે

| દેશ | કાપડ | રબ્બર | વિનિમય દર |
|---|---|---|---|
| ભારત | 30 | 15 | 1 : 0.5 |
| મલેશિયા | 15 | 30 | 1 : 2 |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા સમજી શકાય છે કે બંને દેશો એક-એક વસ્તુના ઉત્પાદનમાં એકબીજા કરતાં બમણા ચડિયાતા છે. એટલે કે ભારત કાપડના ઉત્પાદનમાં અને મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં કાર્યક્ષમતા ધરાવે છે. જો બંને દેશો આનું ઉત્પાદન કરે તો બંને વસ્તુના 45-45 એકમોનું ઉત્પાદન કરીને કુલ 90 એકમોનું ઉત્પાદન કરે છે. પરંતુ, વ્યાપારથી જોડાઈને વસ્તુના એકમો ઓછા ખર્ચે ઉત્પાદન કરી શકે તો ભારત 60 એકમ કાપડ અને મલેશિયા 60 એકમ રબ્બરનું ઉત્પાદન કરે તો કુલ ઉત્પાદન 120 એકમ થશે અને વૈશ્વિક અર્થતંત્રમાં 30 એકમ ઉત્પાદન વધુ થશે, જે નીચેના કોષ્ટકમાં આ પ્રમાણે દર્શાવી શકાય.

➢ એક દિવસના શ્રમ વડે

| દેશ | કાપડ | રબ્બર | વિનિમય દર |
|---|---|---|---|
| ભારત | 60 | - | 1 : 0 |
| મલેશિયા | - | 60 | 0 : 1 |

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી જાણી શકાય છે કે વ્યાપારથી કુલ ઉત્પાદનમાં વધારો થવાથી સમૃદ્ધિની સ્થિતિ સુધરે છે. તેથી નિરપેક્ષ ખર્ચ લાભ લાભદાયી હોવા છતાં સામાન્ય વ્યવહારમાં આવું હોતું નથી.

➢ સમાન ખર્ચ તફાવત :

જ્યારે કોઈ એક દેશ બંને વસ્તુના ઉત્પાદનમાં બીજા દેશ કરતાં સમાનતા કે ચડિયાતાપણું ભોગવતો હોય ત્યારે ખર્ચમાં સરખો તફાવત ઉદ્‌ભવે છે, જે નીચેના ઉદાહરણ પરથી જોઈ શકાશે.

➢ એક દિવસના શ્રમ વડે

| દેશ | કાપડ | રબ્બર | વિનિમય દર |
|---|---|---|---|
| ભારત | 30 | 30 | 1 : 1 |
| મલેશિયા | 15 | 15 | 1 : 1 |

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે ભારત 1 એકમ કાપડના બદલામાં 1 એકમ રબ્બર હેઠળ લઈ શકે તેમ નથી. તેવી જ રીતે મલેશિયા 1 એકમ રબ્બરના બદલામાં 1 એકમ કાપડ મેળવી શકે તેમ નથી. આમ, બંને દેશોમાં વ્યાપાર પહેલા બંને વસ્તુઓનું મૂલ્ય એકસરખું હોવાથી વ્યાપાર અસ્તિત્વમાં આવશે નહીં, કારણ કે આ પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર લાભદાયી નથી.

➢ તુલનાત્મક ખર્ચ તફાવત :

પ્રો. ડેવિડ રિકાર્ડોએ જણાવ્યું છે કે ખર્ચમાં સંપૂર્ણ તફાવત ન હોય તેમ છતાં બે દેશો વચ્ચે વ્યાપાર ઉદ્ભવી શકે છે. અહીં શરત એ છે કે બંને વસ્તુના ઉત્પાદન ખર્ચમાં તુલનાત્મક તફાવત હોવો જોઈએ. કોઈ એક દેશની તુલનામાં બંને વસ્તુનો ઉત્પાદનખર્ચ ઓછો હોય તો બંને વસ્તુ એના ઓછા ઉત્પાદન ખર્ચની કક્ષા જુદી જુદી હોય ત્યારે ખર્ચમાં તુલનાત્મક તફાવત ઉદ્ભવે છે. જે દેશ જે વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક રીતે ઓછા ખર્ચે ઉદ્ભવતું હશે તે વસ્તુનું વધુ ઉત્પાદન કરીને તેની નિકાસ કરશે અને જે વસ્તુના ઉત્પાદનમાં વધુ તુલનાત્મક ખર્ચ વધુ થતો હશે તેનું ઉત્પાદન ઘરઆંગણે કરવાને બદલે આયાત કરવાનું પસંદ કરશે. જેને કોષ્ટક દ્વારા આ મુજબ સમજાવી શકાય.

➢ એક દિવસના શ્રમ વડે


| દેશ | કાપડ | રબ્બર | વિનિમય દર |
|---|---|---|---|
| ભારત | 30 | 15 | 1 : 0.50 |
| મલેશિયા | 15 | 10 | 1 : 0.66 |

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે ભારતમાં કાપડ અને રબ્બર બંનેના ઉત્પાદનમાં મલેશિયા કરતાં વધુ લાભ છે, પરંતુ ભારતમાં કાપડના ઉત્પાદનમાં રબ્બરના ઉત્પાદન કરતાં ઓછો ખર્ચ થાય છે. તે તેમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કરીને ઉત્પાદન કરવામાં આવે છે અને તેની નિકાસ કરવામાં આવે છે. તેના બદલામાં જે વસ્તુનું ઉત્પાદન ઘરઆંગણે બંધ કરેલ છે અને તેની આયાત કરવામાં આવશે. ભારત કાપડના ઉત્પાદનમાં 100% કાર્યક્ષમતા અને રબ્બરના ઉત્પાદનમાં 50% કાર્યક્ષમતા ધરાવે છે. તેને કાપડના ઉત્પાદનમાં વધુ લાભ પ્રાપ્ત થશે. અને સામે મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કરીને રબ્બરનું ઉત્પાદન કરીને તેની નિકાસ તથા કાપડની આયાત કરશે.

જે વસ્તુના ઉત્પાદનમાં ગુણોત્તર પ્રમાણ વધુ હોય તે વસ્તુના ઉત્પાદનમાં દેશને ઓછો તુલનાત્મક ખર્ચ થાય છે, તેથી તેના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ સાધે છે. ઉપરોક્ત કોષ્ટક મુજબ ભારતની દૃષ્ટિએ કાપડના ઉત્પાદનમાં ગુણોત્તર પ્રમાણ 30:15 છે અને રબ્બરના ઉત્પાદનનું ગુણોત્તર પ્રમાણ 15:10 છે અહીં નોંધવું જોઈએ કે ભારત કાપડના ઉત્પાદનમાં વધુ લાભ ધરાવતો હોવાથી કાપડના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરશે.

મલેશિયાની દૃષ્ટિએ જોઈએ તો રબ્બરનું ગુણોત્તર પ્રમાણ 15:10 છે. અહીં મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશેષીકરણ કરશે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર થતા ભારત કાપડનું ઉત્પાદન અને મલેશિયા રબ્બરનું ઉત્પાદન કરશે. એટલે કે ભારત રબ્બરના 15 એકમોનું ઉત્પાદન જતું કરીને કાપડના 30 એકમોનું ઉત્પાદન કરશે તેમજ તેની નિકાસ કરશે અને મલેશિયામાંથી રબ્બરની આયાત કરશે. તેવી જ રીતે મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશેષીકરણ કરીને તેની નિકાસ કરશે તથા ભારતમાંથી કાપડની આયાત

કરશે જેને નીચેની આકૃતિ દ્વારા આ મુજબ સમજાવી શકાય.




ઉપરોક્ત બંને આકૃતિમાં OX ધરી પર રબ્બરના એકમો અને OY ધરી પર કાપડના એકમો દર્શાવવામાં આવે છે. E બિંદુ અને E1 બિંદુ સમતુલાનું બિંદુ છે. આકૃતિ A ભારતની અને આકૃતિ B એ મલેશિયાની સ્થિતિ દર્શાવે છે.

આકૃતિનો અભ્યાસ કરતા જણાય છે કે ભારત પોતાનાં બધાંજ સાધનો કાપડના ઉત્પાદનમાં અને મલેશિયા પોતાના બધાંજ સાધનો રબ્બરના ઉત્પાદનમાં પ્રસ્થાપિત કરે છે. ભારત બંને વસ્તુના ઉત્પાદનમાં સરખાપણું ધરાવતો હોવાથી તેનું ગુણોત્તર પ્રમાણ 1:1 થાય છે. આવી જ રીતે આકૃતિ Bમાં મલેશિયાની કાર્યક્ષમતા દર્શાવેલી છે. મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશેષીકરણ કરતુ હોવાથી તેનો ગુણોત્તર પ્રમાણ 1:2 છે. તેથી મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં શ્રમવિભાજન અને વિશેષીકરણ કરીને તેનું ઉત્પાદન કરશે, નિકાસ કરશે અને આંતરરાષ્ટ્રીય લાભો પ્રાપ્ત કરશે.

### 12.4.1 આંતરરાષ્ટ્રીય વ્યાપાર પછીની પરિસ્થિતી :

❖ એક દિવસના શ્રમ વડે

| દેશ | કાપડ | રબ્બર | વિનિમય દર |
|---|---|---|---|
| ભારત | 60 | શૂન્ય | 1 : 0 |
| મલેશિયા | શૂન્ય | 20 | 0 : 1 |

ઉપરોક્ત કોષ્ટક્નો અભ્યાસ કરતા જણાય છે કે જ્યારે બે દેશો વચ્ચે વ્યાપાર અસ્તિત્વમાં ન હતો ત્યારે કાપડનું ઉત્પાદન 30 એકમ અને રબ્બરનું ઉત્પાદન 15 એકમ મળીને કુલ 45 એકમનું ઉત્પાદન થતું હતું, જ્યારે મલેશિયા માટે આવી જ રીતે કુલ ઉત્પાદન 25 એકમનું હતું. હવે આંતરરાષ્ટ્રીય વ્યાપારને કારણે બંને દેશો અનુક્રમે ભારત કાપડના ઉત્પાદનમાં અને મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરે છે. અનુક્રમે કાપડ અને રબ્બરનું ઉત્પાદન કરીને તેની નિકાસ કરશે.


ઉપરોક્ત કોષ્ટકમાં જોઈ શકાય છે કે ભારત કાપડના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરીને 60 કાપડના એકમોનું ઉત્પાદન કરશે તેમજ રબ્બરનું ઉત્પાદન બંધ કરી દેશે. જ્યારે બીજી બાજુ મલેશિયા રબ્બરના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરીને 20 એકમો રબ્બરના ઉત્પન્ન કરશે તેમજ કાપડનું ઉત્પાદન બંધ કરી દેશે. આમ કુલ ઉત્પાદનમાં 40 એકમોનો વધારો થશે જે વૈશ્વિક સમૃદ્ધિ વધારશે.

## 12.4.2 બંને દેશો વચ્ચે વિનિમય દરનું નિર્ધારણ :

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જોડાયેલા દેશોને કેટલો લાભ થશે, તે બાબત ઘણી જ મહત્ત્વની છે. પ્રત્યેક દેશને આંતરરાષ્ટ્રીય વેપારથી કેટલો લાભ થશે તે વિનિમયદર દ્વારા જાણી શકાય છે. મિત્રો અહીં આપણે લીધેલા ઉદાહરણમાં ભારતનો વિનિમયદર 1:0.5 થતો હતો. તેમજ મલેશિયાનો પડતર વિનિમયદર 1:0.66 હતો તેથી બંને દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય વ્યાપારથી થતા વિનિમયનો નવો દર નક્કી થશે. કારણ કે ભારતને એક એકમ કાપડના બદલામાં રબ્બરના 0.5 કરતાં ઓછા એકમો મળે તો ભારત આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા રબ્બર મેળવવાના બદલે ઘરઆંગણે જ ઉત્પાદન કરશે. આ જ પ્રમાણે ભારતના નાગરિકો એક એકમ કાપડના બદલામાં રબ્બરના 0.66થી વધુ એકમ ચૂકવવા તૈયાર થશે નહીં. પરિણામે 1 કાપડ = 0.5 રબ્બર થી 1 કાપડ = 0.66 રબ્બર વચ્ચે નવો વિનિમયદર નક્કી થશે. જેથી બંને દેશોને લાભ થશો.

ધારો કે નવો વિનિમયદર 1 કાપડ = 0.60 રબ્બર એવો નક્કી થાય તો વ્યાપાર પહેલા ભારતનો વિનિમયદર 1 કાપડ = 0.66 રબ્બર છે. 1 કાપડ = 0.66 રબ્બર હોય તો ભારતને 0.06 રબ્બરનો એક એકમ કાપડના બદલામાં લાભ થશે એટલે કે ભારતને આંતરરાષ્ટ્રીય વ્યાપાર થવાથી 1 એકમ કાપડના બદલામાં 0.06 રબ્બર ઓછા ચૂકવવા પડશે.

આ પ્રમાણે ભારતનો આંતરરાષ્ટ્રીય વ્યાપારનો સ્થાનિક પડતર વિનિમયદર 1 કાપડ = 0.5 રબ્બર હતો તેથી નવો વિનિમયદર 1 કાપડ = 0.5 રબ્બર હતો તેથી નવા વિનિમયદરને લીધે ભારતનો 0.60 રબ્બર = 0.50 રબ્બર = 0.10 રબ્બર હતો. ભારત ને 1 એકમ કાપડનો વ્યાપારિક લાભ થાય છે, કારણ કે વ્યાપાર પહેલા 1 એકમ કાપડના બદલામાં 0.50 એકમ રબ્બરના એકમો મળતા હતા હવે તે વધીને 0.60 એકમ રબ્બર થાય છે. જે આકૃતિમાં નીચે મુજબ સમજાવી શકાય.




ઉપરોક્ત આકૃતિમાં OX ધરી પર કાપડના એકમો અને OY ધરી પર રબ્બરના એકમો દર્શાવેલ છે. જ્યારે AD, BD અને CD રેખા વિનિમયદર દર્શાવે છે. આકૃતિનો અભ્યાસ કરતા જણાય છે કે સ્વાવલંબનની સ્થિતિમાં ભારતનો વિનિમય દર 1 કાપડ = 0.66 રબ્બર હતો અને મલેશિયાનો વિનિમય દર 1 કાપડ = 0.50 રબ્બર હતો. હવે આંતરરાષ્ટ્રીય વ્યાપાર શરૂ થવાથી વિનિમય દર 1 કાપડ = 0.50 રબ્બર તથા 1 કાપડ = 0.66 રબ્બર વચ્ચે ક્યાંક નક્કી થશે. આકૃતિમાં બતાવ્યા મુજબ ધારો કે નવો વિનિમયદર 1 કાપડ = 0.60 રબ્બર નક્કી થાય છે. આમ થવાથી ભારત અને મલેશિયા બંને દેશોને આંતરરાષ્ટ્રીય વ્યાપારથી લાભ થશે

એટલું જ નહીં, પરંતુ, બંને દેશોમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ થવાથી બંને દેશોનું કુલ ઉત્પાદન વધવાથી વિશ્વની કુલ સમૃદ્ધિમાં વધારો થશે. અને વૈશ્વિક આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વધારો થશે.

❖ સિદ્ધાંતની મર્યાદાઓ :

મિત્રો, આપણે જાણીએ છીએ કે અર્થશાસ્ત્રના પિતા પ્રો. એડમ સ્મિથે સૌપ્રથમ નિરપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત આપીને આંતરરાષ્ટ્રીય વ્યાપારને સમજાવેલ. પરંતુ, તેની મર્યાદાઓ હોવાથી તેના સુધારારૂપે પ્રો. ડેવિડ રિકાર્ડોએ તુલનાત્મક ખર્ચલાભના સિદ્ધાંત દ્વારા આંતરરાષ્ટ્રીય વ્યાપારના સિદ્ધાંતને વિગતવાર સમજાવ્યો હતો. તેમ છતાં પણ આ સિદ્ધાંતમાં પણ કેટલીક ધારણાઓરૂપી મર્યાદાઓ છે. જે આ પ્રમાણે છે.

➢ બે જ દેશો અને બે વસ્તુઓનો વ્યાપાર :

પ્રો. ડેવિડ રિકાર્ડોના સિદ્ધાંતમાં પણ પ્રો. એડમ સ્મિથના સિદ્ધાંતની જેમ વિશ્વમાં બે જ દેશો વચ્ચે બે જ વસ્તુઓનો વ્યાપાર થાય છે તેવી ધારણા કરવામાં આવી છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિમાં વિશ્વમાં માત્ર બે જ દેશો કે બે જ વસ્તુઓનો વ્યાપાર થતો નથી. પરંતુ વર્તમાનમાં યુનાઈટેડ નેશન્સના આંકડા પ્રમાણે 195 દેશોની યાદી છે તેમજ વસ્તુની સંખ્યા તો ન ગણી શકાય તેટલી છે. તેથી આ બંને બાબતોમાં આ સિદ્ધાંત સમજાવી શકાતો નથી.

➢ માત્ર શ્રમ એક જ ઉત્પાદનનું સાધન નથી :

પ્રો. ડેવિડ રિકાર્ડોના આ સિદ્ધાંતમાં એવુ પ્રતિપાદિત થાય છે કે શ્રમખર્ચ એ કુલ ખર્ચ છે પરંતુ ઉત્પાદનની પ્રક્રિયામાં માત્ર શ્રમખર્ચ જવાબદાર નથી, પરંતુ, મૂડીખર્ચ, જમીનનું ભાડાખર્ચ અને નિયોજકનું નફારૂપી ખર્ચ હોય છે. તેમજ આ બધા જ પ્રકારના ખર્ચને કુલ ખર્ચમાં ઉમેરવામાં આવે છે. જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ શ્રમિકો સમાન ઉત્પાદનશક્તિ ધરાવતા નથી :

પ્રસ્તુત સિદ્ધાંતમાં એવી ધારણા કરવામાં આવી છે કે શ્રમિકો સમાન ઉત્પાદનશક્તિ ધરાવે છે. પરંતુ, શ્રમિક સંપૂર્ણપણે એકબીજાના અવેજી બની શકે તેવી કલ્પના તદ્દન અવ્યવહારુ છે. જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી છે તે ધારણા અવાસ્તવિક છે :

પ્રો. રિકાર્ડોદ્વારા એવી ધારણા કરવામાં આવી છે કે શ્રમિકો સમાનરૂપી છે. એટલું જ નહીં પણ શ્રમબજારમાં સંપૂર્ણ હરિફાઈ છે તેથી શ્રમિકો પૂર્ણ રોજગારીની સ્થિતિમાં હશે, તે અહીં અભિપ્રેત થાય છે, જે એક મર્યાદા છે.

➢ શ્રમની ગતિશીલતા સંબંધી અવાસ્તવિક ધારણા :

શ્રમિકો દેશની અંદર સંપૂર્ણ ગતિશીલતા ધરાવે છે, તે ધારણા સાચી નથી. કોઈ એદેશના વિવિધ પ્રદેશો વચ્ચે આંશિક ગતિશીલતા ધરાવે છે. તેવી જ રીતે એક દેશના શ્રમિકો બીજા દેશમાં ઓછા-વત્તા પ્રમાણમાં ગતિશીલતા ધરાવે છે, જે અહીં દર્શાવવામાં આવ્યું નથી, જે એક મર્યાદા છે.

➢ સ્થિર મળતરનો નિયમ અવાસ્તવિક છે :

વાસ્તવિકતામાં વર્તમાન ઔદ્યોગિક પેઢીઓ સ્થિર વળતરની જગ્યાએ વધતા, સ્થિર કે ઘટતા વળતરની સ્થિતિ પ્રમાણે કામ કરે છે, તેવી જ રીતે વારંવાર ટેકનોલોજિકલ ફેરફાર

થતા હોવાથી, સંચાલનમાં સતત સુધારા થતા હોવાથી, તથા નવી બજારવ્યવસ્થા અસ્તિત્વમાં હોવાથી સ્થિર મળતરનો નિયમ કામ આપતો નથી. પરંતુ, ઘટતા મળતરનો નિયમ કામ કરતો થઈ જાય છે, જે એક મર્યાદા છે.

➢ પરિવહનખર્ચ શૂન્ય છે તે ધારણા અવાસ્તવિક છે :

પ્રો. ડેવિડ રિકાર્ડોએ તુલનાત્મક ખર્ચને તપાસવા માટે પરિવહન ખર્ચ શૂન્ય છે, તેવું ધારી લીધેલ છે. વાસ્તવિક પરિસ્થિતિમાં પરિવહન ખર્ચ ખુબ જ મહત્ત્વનું સાધન છે. તે પ્રત્યક્ષ રીતે કિંમતતંત્રને અસર કરે છે, જે સમજૂતી આપેલ નથી, તેથી તે મર્યાદા છે.

➢ મુક્ત વ્યાપાર તથા રાજયની દખલગીરીનો અભાવ છે, તે ધારણા અવાસ્તવિક છે :

વર્તમાન સમયમાં મુક્ત વ્યાપારની તરફેણ કરતા દેશો વાસ્તવમાં વ્યાપારને સંપૂર્ણપણે મુક્ત વ્યાપાર બનાવી શક્યા નથી. કેટલાક દેશો વ્યાપારસંઘમાં ભળીને વ્યાપારને થોડાક અંશે મુક્ત બનાવી શક્યા છે. આ ઉપરાંત રાજ્યો આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં દખલગીરી કરતા નથી, તેમજ દેશના ઉદ્યોગો સંરક્ષણ નીતિના પ્રભાવમાં હોવાથી મુક્તવ્યાપાર વ્યવસ્થા ખોરવાઈ જાય છે, જે બધી જ બાબતો આ સિદ્ધાંતમાં પ્રો.રિકાર્ડોએ જણાવી નથી, તે એક મર્યાદા છે.

➢ સ્થિર અર્થતંત્રની ધારણા વાસ્તવિક નથી :

આ સિદ્ધાંતમાં પ્રો. ડેવિડ રિકાર્ડો એવું અનુમાન કરે છે કે અર્થતંત્ર સ્થિર અવસ્થામાં કાર્ય કરે છે. પરંતુ, અર્થતંત્રમાં તેજી-મંદીના પ્રવાહો, કિંમતતંત્રના ફેરફારો વગેરે અર્થતંત્રને ગતિશીલ બનાવે છે, જે આ સિદ્ધાંતમાં જણાવવામાં આવ્યું નથી, તે મર્યાદા છે.

➢ કલ્યાણની વિભાવના અવાસ્તવિક છે :

આ સિદ્ધાંતમાં પ્રો. ડેવિડ રિકાર્ડોએ કલ્યાણને વધારે મહત્ત્વ આપ્યું છે પરંતુ વાસ્તવમાં બધા જ લોકોને કલ્યાણ સરખી રીતે પ્રાપ્ત થતું નથી. પરંતુ ઘણીવાર અકલ્યાણ પણ થાય છે, જે આ સિદ્ધાંતની મર્યાદા છે.

➢ બંને દેશને થતા લાભનું કારણ જણાવાયું નથી :

ભારત બંને વસ્તુના ઉત્પાદનમાં કાર્યક્ષમતા ધરાવે છે, પરંતુ શા માટે આવું થાય છે? તેનું કારણ જણાવાયુ નથી. પરંતુ, નીચું ઉત્પાદન થવાથી કુદરતી પરિબળો અસર કરે છે. અથવા તો પ્રતિકૂળ સાબિત થાય છે જે સિદ્ધાંતમાં દર્શાવાયું નથી.

➢ વ્યાપારિક લાભની વહેંચણી શરતોને આધીન છે :

વિશ્વના બે દેશો વચ્ચે જે વ્યાપાર થાય છે, તે ચોક્કસ શરતોને આધીન છે, પરંતુ આ શરતો કેવી રીતે થાય છે, તેની સમજૂતી આપી નથી, જે એક મર્યાદા ગણાવી શકાય.

❖ સિદ્ધાંતનું મહત્ત્વ :

પ્રો. ડેવિડ રિકાર્ડોના આ સિદ્ધાંતમાં ઉપરોક્ત મર્યાદાઓ હોવાં છતા પણ આ સિદ્ધાંતનું ઘણું જ મહત્ત્વ રહેવા પામ્યું છે, જે આ પ્રમાણે છે.

➢ આ સિદ્ધાંત શા માટે અને ક્યારે ઉદ્ભવે છે, તેની વધુ શક્યતાઓ સમજાવે છે :

વિશ્વના બે દેશોને આંતરરાષ્ટ્રીય વ્યાપારથી જોડાવવાની જરૂરિયાત કેવી રીતે અને શા માટે ઉદ્ભવે છે, તેની વિશેષ સમજૂતી આપે છે, તેથી તે વિશેનું સંપૂર્ણ જ્ઞાન પુરું પાડવાનું

કાર્ય કરવાનો યશ આ સિદ્ધાંતના રચયિતા પ્રો. ડેવિડ રિકાર્ડોના ફાળે જાય છે, જે આ સિદ્ધાંતનું ઘણું જ મહત્ત્વ દર્શાવે છે.

➢ આ સિદ્ધાંત સર્વસામાન્ય પરિસ્થિતિનો નિર્દેશ આપે છે :

આ સિદ્ધાંત ધારણાઓને લક્ષમાં રાખીને જે સમજુતી આપે છે, તે વધુ ઉપયોગી સાબિત થાય છે, તે સર્વસામાન્ય પરિસ્થિતિનો નિર્દેશ કરે છે, જે સૌથી વધારે મહત્ત્વનું છે.

➢ દરેક દેશને આયાત-નિકાસનું માર્ગદર્શન આપે છે :

પ્રો. ડેવિડ રિકાર્ડોનો આ સિદ્ધાંત ક્યા દેશે કઈ કઈ વસ્તુની નિકાસ કરવી જોઈએ તથા કઈ કઈ વસ્તુની આયાત કરવી જોઈએ, તેનું માર્ગદર્શન પુરું પાડે છે. આ સિદ્ધાંતમાં એ ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે, જે વ્યાપારના લાભ માટે ખૂબ અગત્યનો બની જવા પામે છે.

➢ વ્યાપારની શરતો ક્યા બે અંકિત બિંદુ વચ્ચે નક્કી થાય છે તે આ સિદ્ધાંત માહિતી પૂરી પાડે છે. :

આ સિદ્ધાંત કઈ વ્યાપારની શરત નક્કી થાય છે, તે અંગેનું માર્ગદર્શન, જેમકે, 1 કાપડ = 0.60 રબ્બર, 1 કાપડ = 0.66 રબ્બર વગેરે કઈ રીતે નક્કી થાય છે, તેની વિગતવાર સમજૂતી આપે છે. કારણ કે આવી વ્યાપારિક શરતથી બંને દેશોને લાભ થાય છે, તે આ સિદ્ધાંતમાં વિગતવાર દર્શાવ્યું છે.

## 12.5 સારાંશ :

સૌ પ્રથમ વર્ષ 1776માં 'રાષ્ટ્રની સંપત્તિ'નામના પુસ્તકમાં પ્રો. એડમ સ્મિથે નિરપેક્ષ ખર્ચલાભના સિદ્ધાંત દ્વારા આંતરરાષ્ટ્રીય વ્યાપાર સમજાવેલ. પરંતુ, ધારણારૂપી મર્યાદાઓ હોવાથી પ્રો. ડેવિડ રિકાર્ડોએ વર્ષ 1817માં તેમના પુસ્તક 'Principle of Political Economics and Taxation' માં 'Trade theory' નામના પ્રકરણમાં તુલનાત્મક લાભનો સિદ્ધાંત વિગતવાર સમજાવ્યો હતો. આ સિદ્ધાંતની પણ ઘણી બધી મર્યાદાઓ હોવા છતાં પણ આ સિદ્ધાંત બિન-ઉપયોગી નથી. શા માટે આંતરરાષ્ટ્રીય વ્યાપારથી લાભ થાય છે ? આંતરરાષ્ટ્રીય વેપારથી કેવી રીતે શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ થાય છે ? શા માટે અમુક દેશો ચોક્કસ વસ્તુઓની આયાત-નિકાસ કરે છે ? શું આંતરરાષ્ટ્રીય વ્યાપારથી ચિજવસ્તુનું ઉત્પાદન મૂળભૂત રીતે વધે છે? તેમજ તેના પરિણામસ્વરૂપ સમૃધ્ધિની ક્ષિતિજો વિસ્તરે છે ? વગેરે મહત્ત્વના પ્રશ્નોના જવાબો આ સિદ્ધાંત આપે છે. આ સિદ્ધાંત અમુક ધારણાને ધ્યાનમાં રાખીને રચાયેલો છે, તેથી સાર્વત્રિક બની શકતો નથી. પરંતુ, આમ છતાં સમગ્ર વિશ્વની આર્થિક સમૃદ્ધિ વધારવા માટે આ સિદ્ધાંત સમજવો જરૂરી છે. જોકે, ધારણારૂપી મર્યાદાઓ હોવાથી આ સિદ્ધાંતનું ઘણું જ મહત્ત્વ છે. જે આંતરરાષ્ટ્રીય વ્યાપારને વેગ આપે છે. પરંતુ, અહીં સિદ્ધાંતના સર્જનની યાત્રા થોભી જતી નથી તે આગળ ચાલવાની છે. તેથી નોબેલ વિજેતા પ્રો. પોલ સેમ્યુલ્સન જણાવે છે, "જે કોઈ દેશ તુલનાત્મક ખર્ચલાભના સિદ્ધાંતને અવગણે છે, તેને નીચું જીવનધોરણ અને નીચા વિકાસદરના સ્વરૂપમાં ભારે કિંમત ચૂકવવી પડે છે." તેથી જ પ્રો. ડેવિડ રિકાર્ડોએ જણાવ્યું છે કે દેશને જે વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક ખર્ચે ઓછો થતો હોય છે, જે વસ્તુના ઉત્પાદનમાં વધારો કરીને વસ્તુની નિકાસ કરવામાં આવશે અને તે વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક ખર્ચ ઓછો થતો હશે તે વસ્તુનું ઉત્પાદન ઘરઆંગણે બંધ કરીને તેની આયાત કરવામાં આવે છે, જેથી વૈશ્વીક વ્યાપારની સમૃદ્ધિ વધારી શકાય.

## 12.6 ચાવીરૂપ શબ્દો :

➢ આંતરિક વ્યાપાર :

એક જ દેશની હદમાં બે રાજ્યો વચ્ચે, બે જિલ્લાઓ વચ્ચે કે બે તાલુકાઓ વચ્ચે ચીજવસ્તુ કે સેવાની લેવડ-દેવડ થાય તેને આંતરિક વ્યાપાર કહેવાય.

➢ આંતરરાષ્ટ્રીય વ્યાપાર :

દેશો વચ્ચે ચીજવસ્તુઓ કે સેવાઓની આયાતનિકાસ કરવામાં આવે તેને આંતરરાષ્ટ્રીય વેપાર કહેવાય છે, જે સામાન્ય રીતે દેશની હદ બહાર થાય છે.

➢ નિરપેક્ષ ખર્ચ લાભ :

કોઈ એક દેશ એક વસ્તુના ઉત્પાદનમાં અને બીજો દેશ બીજી વસ્તુના ઉત્પાદનમાં નિરપેક્ષ ખર્ચલાભ ધરાવે તો તેને આંતરરાષ્ટ્રીય વેપારથી લાભ થાય છે.

➢ સાપેક્ષ ખર્ચ લાભ કે તુલનાત્મક ખર્ચ લાભ :

કોઈ એક દેશ અન્ય દેશની તુલનામાં બંને વસ્તુના ઉત્પાદનમાં નીચી કાર્યક્ષમતા ધરાવતો હોય તો તે આ સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારથી લાભ થશે.

➢ પૂર્ણ હરિફાઈ :

અર્થતંત્રમાં અસંખ્ય ખરીદનારાઓ, અસંખ્ય વેચનારાઓ, એકસમાન ગુણવત્તા ધરાવતી વસ્તુઓ, તેના સમાન ભાવ, શૂન્ય વાહનવ્યવહાર ખર્ચ હોય તેને પૂર્ણ હરિફાઈ કહેવાય છે. ટૂંકમાં, જ્યાં અપૂર્ણ હરિફાઈનાં તમામ તત્વો ગેરહાજર હોય તેને પૂર્ણ હરિફાઈ કહેવામાં આવે છે.

➢ વ્યાપારની શરત :

જયારે વિશ્વના બે દેશો વ્યાપારથી જોડાય છે ત્યારે બંને દેશોના આયાતના એકમો = નિકાસ એકમોનું ગુણોત્તર પ્રમાણ નક્કી થાય છે, તેને વ્યાપારની શરત કહેવાય છે. જે દેશ દેશ વચ્ચે જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જૂદી જૂદી હોય છે.

➢ પૂર્ણ રોજગારી :

સંપૂર્ણ રોજગારી એટલે એક જ દેશમાં રોજગારીની સ્થિતિ સંપૂર્ણતઃ છે એટલે કે કોઈ પણ વ્યક્તિ બેકાર રહેતી નથી. નાગરિક એક જગ્યાએથી છૂટો થાય તો બીજી જગ્યાએ તેને અવશ્ય રોજગારી પ્રાપ્ત થાય છે.

## 12.7 તમારી પ્રગતિ તપાસો :

(ક) નિબંધ પ્રકારના પ્રશ્નો

(1) તુલનાત્મક ખર્ચનો સિદ્ધાંત મર્યાદાઓ સાથે સમજાવો.

(2) નિરપેક્ષ લાભનો સિદ્ધાંત સમજાવો.

(3) આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો તફાવત સમજાવો.

(ખ) બહુ વૈકલ્પિય પ્રશ્નો :

(1) નીચેનામાંથી ડેવિડ રિકાર્ડો દ્વારા અપાયેલ તુલનાત્મક ખર્ચની વ્યાખ્યા કઈ છે ?

(અ) આ નિયમ જે એક દેશમાંથી ચીજવસ્તુઓના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરે છે તે કે તેથી વધુ દેશો વચ્ચેની ચીજવસ્તુઓના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરે છે.

(બ) આ નિયમ જે એક દેશમાં ચીજવસ્તુઓના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરે છે તે બે કે તેથી વધુ દેશો વચ્ચેની ચીજવસ્તુઓના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરતું નથી

(ક) આ નિયમ જે એક દેશમાં ચીજવસ્તુઓના સંપૂર્ણ મૂલ્યને નિયંત્રિત કરે છે તે બે કે તેથી વધુ દેશો વચ્ચે બદલાતી ચીજવસ્તુના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરતું નથી.

(ડ) આ નિયમ જે એક દેશમાંથી ચીજવસ્તુઓના સંપૂર્ણ મૂલ્યને નિયંત્રિત કરે છે તે બે કે તેથી વધુ દેશો વચ્ચેની ચીજવસ્તુઓના સંબંધિત મૂલ્યને નિયંત્રિત કરે છે.

(2) જો માલના ખર્ચનો ગુણોત્તર હોય તો બે દેશો વચ્ચેનો વેપાર ઉપયોગી થઈ શકે છે.

(અ) નિર્ધારિત (બ) ઘટાડો (ક) બરાબર (ડ) ભિન્ન

(3) આંતરરાષ્ટ્રીય વેપાર અને આંતરિક વેપાર આનાથી અલગ છે

(અ) સરકારની વિવિધ નીતિઓ (બ) પરિબળોની અસ્થિરતા

(ક) વેપાર પ્રતિબંધો (ડ) ઉપરોક્ત તમામ

(4) નીચેનામાંથી ક્યું પરિબળ આંતરરાષ્ટ્રીય વેપાર દર્શાવેલ્પ?

(અ) બે દેશો વચ્ચેનો વેપાર (બ) પ્રદેશો વચ્ચેનો વેપાર

(ક) પ્રાંતો વચ્ચેનો વેપાર (ડ) (બ) અને (ક) બંને

(5) આંતરરાષ્ટ્રીય વેપારના ક્યાં સિદ્ધાંત અનુસાર ઉત્પાદનનું એક માત્ર પરિબળ શ્રમ છે?

(અ) શિષ્ટ સિદ્ધાંત (બ) આધુનિક સિદ્ધાંત

(ક) આમાંથી કંઈ નહીં (ડ) ઉપરોક્ત બધા

(6) આંતરરાષ્ટ્રીય વેપારમાં અર્ધ ભાડાનો ખ્યાલ એ_________

(અ) કામદારોને ભાડુ

(બ) મકાનમાલિક અને કામદારો દ્વારા વહેંચાયેલ ભાડુ

(ક) ઉદ્યોગસાહસિકને ચૂકવવામાં આવેલ વ્યાજ

(ડ) ઉત્પાદનના પરિબળ પર પાછા ફરવું જે ટૂંકા ગાળામાં પુરવઠાને નિશ્ચિત કરે છે.

(7) નીચેનામાંથી વેતનની નિર્ભરતા થિયરીનો ઉપયોગ કોના દ્વારા કરવામાં આવ્યો હતો ?

(અ) પ્રો. કાર્લ માર્ક્સ (બ) પ્રો. રોબિન્સન

(ક) પ્રો. જે.એસ.મીલ (ડ) પ્રો. ડેવિડ રિકાર્ડો

(8) વિશ્વનાં રાષ્ટ્રો આંતરરાષ્ટ્રીય વેપાર થકી જોડાય છે કારણ કે...

(અ) કેટલાંક રાષ્ટ્રો એક વસ્તુનું ઉત્પાદન કરવાનું પસંદ કરે છે જ્યારે અન્ય લોકો અન્ય વસ્તુઓનું ઉત્પાદન કરે છે.

(બ) વેપાર સાથે જોડાયેલા બધા દેશોમાં સંસાધનો સમાનરૂપે ધરાવતા નથી.

(ક) વેપાર નફો એકત્રિત કરવાની તકોમાં વધારો કરે છે.

(ડ) બધા વ્યાપારિક દેશોમાં વ્યાજના દર સમાન નથી.

(9) આંતરરાષ્ટ્રીય વેપારમાં ટૂંકાગાળાની બેકારી સર્જાય તેવી સંભાવના છે, કારણ કે...

(અ) એવા ઉદ્યોગો કે જેમાં ન તો આયાત થાય છે ન નિકાસ થાય છે

(બ) આયાતી હરીફ ઉદ્યોગો વધે છે.

(ક) એવા ઉદ્યોગો કે જે દેશી અને વિદેશી ખરીદદારોને વેચે છે.

(ડ) એવા ઉદ્યોગો કે જે ફક્ત વિદેશી ખરીદદારોને વેચે છે.

(10) આંતરરાષ્ટ્રીય વેપારનો પ્રથમ આર્થિક સિદ્ધાંત ક્યો હતો ?

(અ) વેપારનો સિદ્ધાંત

(બ) તુલનાત્મક લાભનો સિદ્ધાંત

(ક) સંપૂર્ણ લાભનો સિદ્ધાંત

(ડ) હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત

(11) પ્રો. એડમ સ્મિથનામતે બે દેશો વચ્ચેનો વેપાર નીચેનામાંથી ક્યાં પરિબળોને આધારે થવો જોઈએ.

(અ) સ્વાભાવિક રીતે બજારનાં પરિબળો અનુસાર

(બ) સરકારી નિયમન અનુસાર

(ક) ઉપલબ્ધ એવાં પરિબળોનો ઉપયોગ કરવો

(ડ) જ્યારે કોઈ દેશને સંપૂર્ણ લાભ થતો હોય

(12) નીચેનામાંથી નિરપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત કોના દ્વારા આપવામાં આવ્યો છે.

(અ) ડેવિડ રિકાર્ડો

(બ) એડમ સ્મિથ

(ક) એફ. ડબલ્યુ. ટેલર

(ડ) ઓહલીન અને હેક્સર

(13) નીચેનામાંથી સાપેક્ષ ખર્ચલાભનો સિદ્ધાંત કોના દ્વારા આપવામાં આવ્યો છે?

(અ) ડેવિડ રિકાર્ડો (બ) એડમ સ્મિથ

(ક) એફ. ડબલ્યુ. ટેલર (ડ) ઓહલીન અને હેક્સર

(14) આંતરરાષ્ટ્રીય વેપારનું ક્યું પરિણામ નીચે આપેલું નથી?

(અ) નવપ્રવર્તનને પ્રોત્સાહન આપવામાં આવે છે.

(બ) આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

(ક) આયાત સસ્તી થાય છે.

(ડ) વપરાશ ઓછો થાય છે.

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :


(1) મન્નુર એચ.જી, આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર (2008) વિકાસ પબ્લિશીંગ હાઉસ પ્રાઈવેટ લિમિટેડ, નોઈડા, યુ.પી.

(2) કુમાર આર. (2008) આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર, એકસેલ બુક્સ, નવી દિલ્હી.

(3) સાલ્વેટોર ડી. (2019) આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર, વિલિ પબ્લિકેશન હાઉસ

(4) ગાંડોનલ્ફો જી. (2013) આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રના એલીમેન્ટ્સ, સ્પ્રીન્ગર સાયન્સ + બિઝનેશ મીડિયા

(5) લીચેસ્ટેઈન પી.એમ. (2016) આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, રાઉટ્રેઝ પ્રિન્ટિંગ પ્રેસ, ન્યૂયોર્ક

(6) ભગવતી જે. (1997), રાઈટિંગ ઓન ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ, ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ. એડિટેડ બાય વી.એન. બાલાસુબ્રમણ્યમ્

(7) આચાર્ય આર., કાર એસ. (2014) આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને આર્થિક વિકાસ, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, યુનાઈટેક કિંગડમ્

(8) બર્ગ એચ.વી.ડી. (2014) ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ એ એપ્રોચ એ હેટરોડેસ એપ્રોચ, ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, યુનાઈટેડ કિંગડમ્

(9) ડેરપેજ જે., હાર્વે જે.ટી. (2002) ફાઉન્ડેશન ઓફ ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ, પોસ્ટ કેન્સીયન પરસ્પેક્ટિવ્સ, રાઉટ્રેઝ પ્રિન્ટિંગ પ્રે, ન્યૂયોર્ક


⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

| | | | |
|---|---|---|---|
| (1) બ | (2) ડ | (3) ડ | (4) અ |
| (5) અ | (6) અ | (7) ડ | (8) ડ |
| (9) બ | (10) બ | (11) અ | (12) ડ |
| (13) બ | (14) અ | (15) ડ | |

*** *** ***